सत्यमेव जयते

Government of Gujarat

**વર્ષ-૨૦૨૧-૨૨ નવી બાબત**
**માંગણી ક્રમાંકઃ ૯૩, રૂ.૧૫.૬૦/- લાખ**
**માંગણી ક્રમાંકઃ ૯૬, રૂ.૬૨.૪૦/- લાખ**

**બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ (ત્રણ) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૧૨ (બાર) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી શરૂ કરેલ ધોરણ-૧૧ના વર્ગમાં શૈક્ષણિક મહેકમ મંજૂર કરવાની નવી બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૧/ન.બા-૧૬/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૧/૦૭/૨૦૨૧

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૨/૦૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૨૦/ન.બા-૨૩/ઘ

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૦૨/૦૨/૨૦૨૧ના પત્રો ક્રમાંકઃ આવિ/ આશા/ ફા.નં.૨૭૮૧/૨૦૨૧/૭૬

**પ્રસ્તાવના :-**

આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૧) થી વંચાણે લીધેલ તા.૦૨/૦૨/૨૦૨૧ના ઠરાવથી સને
૨૦૨૦-૨૧ની નવી બાબત તરીકે બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ (ત્રણ)
ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની
૧૨ (બાર) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની
મંજૂરી આપવામાં આવેલ છે. પરંતુ, આ ઠરાવની શરત નં. (૧) અન્વયે આ ૧૫ ક્રમિક વિકાસના વર્ગ માટે કોઇ
શૈક્ષણિક, બિન શૈક્ષણિક કે વહીવટી સ્ટાફની ભરતી કરવાની મંજૂર આપવામાં આવેલ ન હતી.

આથી, કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના
તા.૦૨/૦૨/૨૦૨૧ના પત્રોથી ધોરણ-૧૧ના ક્રમિક વિકાસથી મંજૂર થયેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર
કરવા બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ (ત્રણ) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી
આશ્રમશાળા માટે રૂ.૧૫.૬૦/- લાખની તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની
૧૨ (બાર) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે રૂ.૬૨.૪૦/- લાખની મળી કુલ રૂ.૭૮.૦૦/-
લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય
વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, દરખાસ્ત હેઠળની કુલ ૧૫ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક
વિકાસથી મંજૂર થયેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા માટે, ધોરણ-૧૧માં પ્રવેશ મેળવનાર

વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ, લઘુત્તમ ૨૪ વિદ્યાર્થીઓનો પ્રવેશ મેળવનાર કુલ-૧૫ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી મંજૂર થયેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવામાં આવે છે.

જે અન્વયે નીચેની યાદી મુજબની બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૩ (ત્રણ) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ધોરણ-૧૧ના ક્રમિક વિકાસથી મંજૂર કરેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા અંગેની રૂ.૧૫.૬૦/- લાખની તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૧૨ (બાર) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧ના ક્રમિક વિકાસથી મંજૂર કરેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા અંગેની રૂ.૬૨.૪૦/- લાખની મળીને કુલ રૂ.૭૮.૦૦/- લાખની નવી બાબતને નીચેની શરતો આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :

**ધોરણ-૧૧નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપેલ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની માહિતી**

| બિન આદિજાતિ વિસ્તાર | | |
|---|---|---|
| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **ઉત્તરબુનિયાદીઆશ્રમશાળાનું નામ** |
| ૧ | ભરૂચ જિલ્લા મહાત્મા ગાંધી પ્રગતિ મંડળ, ઉમલ્લા, જિ.ભરૂચ | હરિપુરા, તા.ઝઘડીયા, જિ.ભરૂચ |
| ૨ | જય મહાકાળી આદિવાસી યુવક વિકાસ મંડળ, સિંગાપુર, જિ.દાહોદ | શ્રી બી.વી.નિનામામાધ્યમિક આશ્રમશાળા, સિંગાપુર, જિ.દાહોદ |
| ૩ | શાંતિનિકેતન એજ્યુકેશન ટ્રસ્ટ, ભરૂચ | કોડવાવ, તા.નેત્રંગ, જિ.ભરૂચ |

| આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
|---|---|---|
| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **આશ્રમશાળાનું નામ** |
| ૧ | પંચમહાલ આદિવાસી વિકાસ યુવક મંડળ, ઢાલસીમલ, જિ.દાહોદ | શ્રી એલ.આર.વસૈયા, પંચમહાલ આશ્રમશાળા, ઢાલસીમલ, તા.સંજેલી, જિ.દાહોદ |
| ૨ | ઠક્કરબાપા આદિવાસી એજ્યુકેશન સોસાયટીપીપોદરા, જિ.દાહોદ | શ્રી રામકબીર માધ્યમિક આશ્રમશાળા, રૂવાબારી, જિ.દાહોદ |
| ૩ | જયમાં ગાયત્રી કેળવણી મંડળ, તરવાડીયા ભાવ, તા.જિ.દાહોદ | જય સાંવરીયા શેઠઉચ્ચતર માધ્યમિક આશ્રમશાળા, તરવાડીયા ભાવ, તા.જિ.દાહોદ |
| ૪ | હળપતિ સેવા સંઘ, બારડોલી. | અમલસાડી, જિ.સુરત |
| ૫ | વિવિધ ભારતી ટ્રસ્ટ, પોશી, જિ.સાબરકાંઠા | મટોડા, જિ.સાબરકાંઠા |
| ૬ | વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા, જિ.બનાસકાંઠા | વાઘડાચા, જિ.બનાસકાંઠા |
| ૭ | નૂતન વિકાસ સાર્વજનિક ગ્રૃપ કેળવણી મંડળ, પાંચ મહુડી જાંબુડી. | ખારીબેડી (નવાભગા) તા.વિજયનગર, જિ.સાબરકાંઠા |
| ૮ | ગીરીજન ખાદી ગ્રામોદ્યોગ સેવા સંઘ, ખેડબ્રહ્મા | આંતરી, વિજયનગર, જિ.સાબરકાંઠા |
| ૯ | રામ વનવાસી યુવક મંડળખલતા ગરબડી, મુ.પાનમ, જિ.દાહોદ | રતનેશ્વર માધ્યમિક અને ઉ.માધ્યમિક આશ્રમશાળા, પાનમ, જિ.દાહોદ |
| ૧૦ | શ્રી સદગુરૂ સેવા ટ્રસ્ટ રણુજાધામ સંજેલી, જી.દાહોદ | શ્રી રામદેવ ઉત્તર બુનિયાદી આશ્રમશાળારણુજાધામ, તા.સંજેલી, જિ.દાહોદ |
| ૧૧ | આદિવાસી સેવા સમિતિ, શામળાજી | ધોલવાણી, તા.વિજયનગર, જિ.સાબરકાંઠા |
| ૧૨ | સાબર સેવા સંઘ, પાલ્લા | વાંદિયોલ, તા.પોશીના, |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે ડ્રાઇવર અને વર્ગ-૪ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૧૦) જે તે જગ્યાઓના પગાર-ધોરણો પ્રવર્તમાન આર.ઓ.પી. પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની રહેશે.

(૧૧) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૨) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૩) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૪) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૫) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) ગુજરાત સરકારના નિયમો મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ, વોક-ઇન-ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર કસોટી) દ્વારા ભરી શકાશે નહી.

(૧૭) આદિજાતિ વિકાસ વિભાગે કે શિક્ષણ ખાતાએ વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

(૧૮) સંસ્થાને આપવાની થતી ગ્રાન્ટનું પ્રમાણ સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન રહેશે.

(૧૯) ભરતીની માન્ય પ્રક્રિયા સિવાય સંસ્થાકીય રીતે નિમાયેલ તથા સામાન્ય રીતે નિમાયેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંકો નિયમિત થઈ શકશે નહી. આ બન્ને પ્રકારે નિમાયેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સંસ્થાએ છૂટા કરવાના રહેશે.

(૨૦) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇએ.

(૨૧) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ આ વિભાગને દરખાસ્ત રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

ક્રમિક વિકાસથી મંજૂર થયેલ ધોરણ-૧૧ના ઉક્ત વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવાની પ્રસ્તુત ૩.૭૮.૦૦/- લાખની નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં નીચેના પત્રકની વિગતોએ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

| **ક્રમ** | **માંગણી ક્રમાંક અને સદરની વિગત** | **મંજૂર થયેલ રકમ (લાખમાં)** | **શૈ.મહેકમ મંજૂર કરેલ વર્ગની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | **બિન આદિજાતિ વિસ્તાર યોજના**<br>માંગણી ક્રમાંકઃ ૯૩ મહેસૂલ,<br>મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૭૭ શિક્ષણ, ૦૯ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૧૫.૬૦ | ૦૩ |
| ૨ | **અનુસૂચિત જનજાતિ વિસ્તાર**<br>માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ,<br>મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૦૯ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૬૨.૪૦ | ૧૨ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૯/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(જે.આર.ડોડીયા)**
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ,બિરસામુંડા ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ.
- સિલેકટ ફાઇલ